ESTRELA BATTERIES LIMITED

Register office: Yusaf Bldg., Veer Nariman Road, Fort, Mumbai 400001

CIN: U99999MH1939PLC003031

Telephone No.: 022-22842790 **Email:** ebl@smitaindia.com

NOTICE OF 87TH ANNUAL GENERAL MEETING, REMOTE E-VOTING INFORMATION AND BOOK CLOSURE

Notice is hereby given that the 87th Annual General Meeting ("AGM") of members of Estrela Batteries Limited will be held on **Wednesday, 23rd September, 2026, at 11.30 A.M. IST** through Video Conferencing **("VC")** / Other Audio-Visual Means **("OAVM"),** to transact business as contained in the notice of the meeting.

In compliance with applicable laws and various circulars issued by Ministry of Corporate Affairs (MCA) circulars dated April 08, 2020, April 13, 2020, May 05, 2020, January 13, 2021, May 05, 2022, December 28, 2022, September 25, 2023 and General Circular No. 09/2024 dated September 19, 2024 respectively read with the General Circular No. 03/2025 dated September 22, 2025 issued by the Ministry of Corporate Affairs (collectively referred to as **"MCA Circulars"**), the 87th AGM shall be held through VC / OAVM, without the physical presence of the Members at a common venue. In compliance with the aforesaid MCA Circulars, Notice of the AGM along with the Annual Report 2025-26 has been dispatched through electronic mode on August 31, 2026 to those Members whose email addresses are registered with the Company/Depositories. Members are requested to refer the AGM notice for the process of registration of email addresses of the Members whose email address is not registered and read the instructions for accessing and participating at the 87th AGM through VC/OAVM.The notice of 87th AGM and Annual Report for the financial year 2025-26 are available on the website of the NSDL i.e., **www.evoting.nsdl.com.**

In pursuance to Section 108 of the Companies Act, 2013 and rules made thereunder, the Company is providing e-voting facility, for transacting all the business items as mentioned in the Notice of 87th Annual General Meeting of the Company.

The Company has entered into an arrangement with National Securities Depository Limited for facilitating remote e-voting for AGM. In case of any queries, you may refer the Frequently Asked Questions (FAQs) for Shareholders and e-voting user manual for Shareholders available at the download section of www.evoting.nsdl.com or call on: 022 - 4886 7000 or send an email at **evoting@nsdl.co.in.**

All the members are hereby informed that:

1. The e-voting period begins on, Sunday, 20th September, 2026 (9.00 a.m. IST) and ends on Tuesday, 22nd September, 2026 (5.00 p.m. IST). The remote e-voting module shall be disabled by National Securities Depository Limited for voting thereafter.
2. E-voting shall not be allowed beyond the aforementioned date and time. Once the vote on resolution is cast electronically by the Member, the member shall not be able to change it subsequently.
3. The Members, whose names appear in the Register of Members / list of Beneficial Owners as on **Wednesday, 16th September, 2026,** i.e. the date prior to the commencement of book closure date are entitled to vote on the Resolutions set forth in this Notice.
4. Members who have acquired shares after the dispatch of the Annual Report and before the book closure may approach the Company for issuance of the User ID and Password for exercising their right to vote by electronic means.

   In case such Member(s) has not updated the respective PAN with the Company/ Depository Participant, the member may approach the Company/RTA as per details provided in the Notice of AGM.
5. The procedure for e-Voting on the day of the AGM is same as the instructions mentioned above for remote e-voting. The facility for voting through electronic voting system is made available at the AGM and the members attending the AGM through VC/OAVM, who have not already cast their vote by remote e-voting, may exercise their right to vote at the AGM through E-Voting. The Company has entered into an arrangement with National Securities Depository Limited for facilitating remote e-voting for AGM. Members/ shareholders, who will be present in the AGM through VC/OAVM facility and have not casted their vote on the Resolutions through remote e-Voting and are otherwise not barred from doing so, shall be eligible to vote through e-Voting system in the AGM. Members who have voted through Remote e-Voting will be eligible to attend the AGM. However, they will not be eligible to vote at the AGM.
6. All the resolutions (i.e. Ordinary Business & Special Business) as set out in the Notice shall be transacted through electronic voting means only.
7. The Company has appointed Mr. Shiv Hari Jalan, Proprietor of Shiv Hari Jalan & Co., Company Secretaries (C.P. No. 4226) as the Scrutinizer to scrutinize the e-voting process (including the remote e-voting at the Annual General Meeting) in a fair and transparent manner.

In case the members have any queries or issues regarding e-voting, the members may refer the Frequently Asked Questions (FAQs) for Shareholders and e-voting user manual for Shareholders available at the download section of **www.evoting.nsdl.com** or call on: 022 - 4886 7000 or send an email at **evoting@nsdl.co.in.**

It is further notified that pursuant to Section 91 of the Companies Act, 2013, the Register of Members and Share transfer books of the Company will remain closed from Thursday, 17th September, 2026 to Wednesday, 23rd September, 2026 (both days inclusive) for the purpose of Annual General Meeting of the company.

By order of the Board

For ESTRELA BATTERIES LIMITED

Sd/-

Virendra Raj Singhvi

Place : Mumbai **Director**

Date : 31.08.2026 **DIN: 02818766**

JASH

JASH ENGINEERING LIMITED

CIN:L28910MP1973PLC001226

Registered Address: 31, Sector-C, Sanwer Road, Industrial Area, Indore 452015, Madhya Pradesh, India

Phone:- 0731-6732700 Email:- info@jashindia.com, Website:- www.jashindia.com

NOTICE OF 52nd ANNUAL GENERAL MEETING

Notice is hereby given that the 52nd Annual General Meeting (AGM) of the member of the Company will be held on Wednesday, 23rd September, 2026, at 05:30 p.m. (IST) through Video Conferencing (VC) or Other Audio-Visual Means (OAVM), to transact the business as set out in the Notice dated 11th August, 2026, in compliance with the provisions of the Companies Act, 2013, ("the Act"), The AGM will be convened in compliance with the applicable provisions of the Companies Act, 2013 and the Rules made thereunder ("the Act"), provisions of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ("Listing Regulations") read with all applicable circulars on the matter issued by Ministry of Corporate Affairs, Government of India and Securities and Exchange Board of India

In connection of the same, kindly note as follows:

1. Notice of AGM and Annual Report for the Financial Year 2025-26:

a) Will be sent to Shareholders by email, whose email addresses are registered with the Company/Depository Participant(s) and the physical copies of the Notice of the AGM and the Annual Report for the financial year 2025-26 will be dispatched to those Members who request for the same. A letter providing the web-link for accessing the Annual Report for FY 2025-26, will be sent to those Members who have not registered their e-mail IDs.

b) Will also be uploaded on the website of the Company at www.jashindia.com, websites of the Stock Exchanges i.e. National Stock Exchange of India Ltd at www.nseindia.com and BSE Limited at www.bseindia.com and on the website of MUFG Intime India Private Limited at https://in.mpms.mufg.com/.

2. Record Date & Dividend: Members may kindly note that Wednesday, 16th September, 2026 has been fixed as the "Record Date" to determine entitlement of Members to the Final Dividend @ 50% (Rs. 1.00/-) per equity share of Rs. 2/- each for the Financial Year 2025-26, if approved at the AGM.

3. Manner of registering /updating email addresses/KYC:

a) Members holding Shares in Physical Form are requested to update the details in prescribed form along with relevant other forms with the Registrar & Share Transfer Agent so as to receive Annual Report and other communication electronically.

b) Members holding Shares in Demat Form are requested to update their E-mail address with their respective Depository Participant so as to receive Annual Report and other communication electronically.

4. Manner of casting vote(s) through e-voting:

a) Company is providing the electronic voting system (e-voting) facility provided by MUFG Intime India Private Limited to its Members to exercise their right to vote on the businesses set out in the Notice of the 52nd AGM by electronic means through both remote e-voting and e-voting at the AGM and Members attending the 52nd AGM who have not cast their votes through remote e-voting shall be eligible to vote at the AGM.

b) Detailed instructions for VC/OAVM and the process e-voting including the manner in which shareholders holding shares in dematerialized mode, physical mode and shareholders who have not registered their e-mail addresses are provided in the Notice of the AGM.

c) Remote e-voting period commence on Saturday, September 19th, 2026 (09.00 a.m.) and ends on, Tuesday, September 22nd, 2026 (5.00 p.m.). The remote e-voting module shall be disabled for voting thereafter. The result of e-voting would be declared on stipulated under the relevant rules and will also be posted on the Company's website.

5. Members are requested to carefully read all notes set out in the Notice of AGM and in particular, instructions to attend and for joining the AGM and manner of casting vote through remote e-voting or e-voting at the AGM.

This Notice is being issued for the information and benefit of all the Member of the Company in compliance with applicable circulars of MCA and SEBI. For further information / clarification/ assistance in respect of e-voting and KYC related matters, concern shareholders are requested to contact the Registrar and Transfer Agent of the Company and/ or the Company at below mentioned address:

MUFG Intime India Private Limited C-101, 1st Floor, 247 Park, Lal Bahadur Shastri Marg, Vikhroli (West) Mumbai, Maharashtra – 400083 E-mail: enotices@in.mpms.mufg.com or help desk at rnt.helpdesk@in.mpms.mufg.com	Jash Engineering Ltd. CIN: L28910MP1973PLC001226 31, Sector-C, Sanwer Road, Industrial Area, Indore (M.P.)-452001 Phone: 07316732700 E-mail: info@jashindia.com

By the order of the Board

Jash Engineering Limited

Sd/-

Place: Indore **Tushar Kharpade**

Date: 31.08.2026 **Company Secretary**

Form No. URC-2

Advertisement Giving notice about registration under Part-I of Chapter XXI of the Act [Pursuant to Section 374(b) of the Companies Act, 2013 and rule 4(1) of the Companies (Authorized to Register) Rules, 2014]

1.Notice is hereby given that in pursuance of Sub-Section (2) of Section 366 of the Companies Act, 2013, an application is proposed to be made after fifteen days hereof but before the expiry of thirty days hereafter to the Registrar of companies (ROC) Central Registration Centre (CRC) Indian Institute of Corporate Affairs (IICA), Manesar, Plot No. 6, 7 & 8, Sector-5, IMT Manesar, District Gurgaon (Haryana), Pin Code 122050 that "M/s. KROMA INDUSTRIES", a Partnership Firm may be registered under Part I of Chapter XXI of the Companies Act, 2013, as a Company Limited by Shares.

2.The Principle Object of the Company are as follows:To carry on the business of manufacturing, processing, producing, formulating, refining, treating, preparing, developing, blending, compounding and dealing in all kinds of pigments, pigment preparations, pigment concentrates, coloring matters, dyes, colorants and allied products whether organic or inorganic, synthetic or natural, including but not limited to industrial pigments, speciality pigments, organic pigments, inorganic pigments, metallic pigments, effect pigments and other coloring materials, for use in paints, coatings, plastics, polymers, rubber, textiles, printing inks, packaging, construction materials, ceramics, paper and other industrial, commercial or consumer applications.,

3.A Copy of Draft Memorandum and Articles of Association of the Proposed Company may be inspected at the Registered Office at 421, New Sonal Link Industrial Estate, New Link Road, Malad (W), Mumbai-400064 Maharashtra, India.

4.Notice is hereby given that any person objecting to this application may communicate their objection in writing to the Registrar of companies (ROC) Central Registration Centre (CRC) Indian Institute of Corporate Affairs (IICA), Manesar, Plot No. 6, 7 & 8, Sector-5, IMT Manesar, District Gurgaon (Haryana), Pin Code 122050, Within twenty-one days from the date of Publication of this notice, with a copy to the company at its registered office.

For KROMA INDUSTRIES

PRANAV RAJUL SHAH (Partner)

SANDIP KANAIYLAL PARIKH (Partner)

Date: 01/09/2026

Place: Mumbai

યુપીના કૌશામ્બીમાં ગેરકાયદે ફટાકડા ફેક્ટરીમાં વિસ્ફોટ થતાં 11નાં મોત

કૌશામ્બી (યુપી): ઉત્તર પ્રદેશના કૌશામ્બી જિલ્લામાં સોમવારે બપોરે એક ફટાકડા ફેક્ટરી, જેનું લાઇસન્સ 2024માં રદ કરવામાં આવ્યું હતું, તેમાં થયેલા જબરદસ્ત વિસ્ફોટમાં આઠ બાળકો સહિત 11 લોકોનાં મોત થયાં છે અને પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ વિસ્ફોટથી ફેક્ટરીનું મકાન અને અન્ય છ મકાનો નષ્ટ થઈ ગયાં છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. કાટમાળ નીચે અન્ય ઘણા લોકો દબાઈ ગયા હોવાની આશંકા છે અને મોટા પાયે બચાવ કામગીરી ચાલી રહી છે. સ્થળ પર નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ), સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ), પોલીસ, ફાયર બ્રિગેડ અને એરફોર્સના જવાનો હાજર છે. તમામ મૃતકો ફેક્ટરીની આસપાસના વિસ્તારમાં રહેતા હતા. સિનિયર પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સત્યનારાયણ પ્રજાપતએ જણાવ્યું હતું કે, પિપરી પોલીસ સ્ટેશનમાં બીએનએસની સંબંધિત કલમો અને વિસ્ફોટક અધિનિયમ હેઠળ ફેક્ટરી સંચાલક આદિલ સહિત છ વ્યક્તિઓ સામે કેસ નોંધવામાં આવ્યો છે. આરોપીઓ સામે ગેંગસ્ટર એક્ટ હેઠળ પણ કેસ દાખલ કરવામાં આવશે અને તેમની મિલકતો જપ્ત કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. આરોપીઓને પકડવા માટે ચાર પોલીસ ટીમોની રચના કરવામાં આવી છે. કૌશામ્બીના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ (ડીએમ) અમિત પાલે જણાવ્યું હતું કે, આ વિસ્ફોટ મનોરી ગામમાં આવેલી ફટાકડાની ફેક્ટરીમાં થયો હતો અને વિસ્ફોટની તીવ્રતાના કારણે ફેક્ટરીની નજીક આવેલાં પાંચથી છ મકાનો પણ ધરાશાયી થઈ ગયાં હતાં.

અનુસંધાન... પાના પહેલાનું

પ્રથમ ક્વાર્ટરમાં...

અર્થવ્યવસ્થા તરીકે જાળવી રાખે છે, તે આ ત્રિમાસિક ગાળા માટે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા(RBI)ના 7 ટકાના અનુમાન કરતાં પણ વધી ગઈ છે, જે વધતા જતા ભૂ-રાજકીય જોખમો છતાં ઘરઆંગણે આર્થિક પ્રવૃત્તિની મજબૂતી દર્શાવે છે. દેશની મધ્યસ્થ બેંકે સમગ્ર 2026-27 નાણાકીય વર્ષમાં અર્થતંત્ર 6.7 ટકાના દરે વિસ્તરવાનું અનુમાન લગાવ્યું છે. સોમવારે જાહેર કરાયેલા સરકારી આંકડા અનુસાર, પ્રથમ ત્રિમાસિક ગાળાની વૃદ્ધિ અગાઉના વર્ષના સમાન ત્રિમાસિક ગાળાના 6.9 ટકાના વિકાસ સાથે સરખાવવામાં આવે છે. ... આ જણાવ્યું હતું કે, FY27 ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં રિયલ ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ અથવા સ્થિર ભાવે GDP રૂ. 81.36 લાખ કરોડ અંદાજવામાં આવ્યો છે, જે 2025-26 ના સમાન ત્રિમાસિક ગાળામાં રૂ. 75.46 લાખ કરોડ હતો, જે 7.8 ટકાનો વૃદ્ધિ દર દર્શાવે છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, વૈશ્વિક પ્રતિકૂળતાઓ છતાં ભારતીય અર્થતંત્રે વિકાસની ગતિ જાળવી રાખી છે.

'અંતહીન યુદ્ધમાંથી...

લિમોઝિન કારમાં સાથે બેસીને નોમેડ ગેમ્સના ઉદ્ઘાટન સમારોહમાં ગયા હતા. બેઠકમાં પશ્ચિમ એશિયા અને બ્લેક સી (કાળો સમુદ્ર) વિસ્તારના સંઘર્ષ અંગે પણ ચર્ચા થઈ હતી, જેના કારણે દરિયાઈ વેપાર અને ભારતીય નાવિકોની સુરક્ષા પર અસર પડી છે. બંને નેતાઓ વચ્ચે રશિયા-યુક્રેન સંઘર્ષ ઉપરાંત વેપાર, રોકાણ, ઊર્જા અને ખાતરની સુરક્ષા સહિતના ક્ષેત્રોમાં ચાલી રહેલા સહયોગ અંગે પણ વિસ્તૃત ચર્ચા થઈ હતી. મોદીએ અગાઉની મુલાકાત દરમિયાન પુતિને યુક્રેન મુદ્દે તેમને વિવિધ પાસાં અંગે વિગતવાર માહિતી આપી હોવાનું પણ જણાવ્યું હતું. મોદીએ ગયા વર્ષે પુતિનની ભારત મુલાકાતને સફળ અને યાદગાર ગણાવી હતી. તેમણે કહ્યું કે બંને દેશો વચ્ચેનો સહયોગ સતત નવી ઊંચાઈએ પહોંચી રહ્યો છે અને બંને દેશોના લોકોના કલ્યાણ માટે સાથે મળીને કામ થઈ રહ્યું છે. રાષ્ટ્રીય હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાનો બંને દેશોનો અભિગમ ભવિષ્યમાં પણ માર્ગદર્શક સિદ્ધાંત રહેશે, એમ મોદીએ કહ્યું હતું. પુતિને કહ્યું કે વિશેષ અને વિશેષાધિકૃત ભાગીદારીના આધારે રશિયા-ભારત સંબંધોમાં વધુ ગતિ આવી છે. આ મુલાકાત પુતિનની ભારતના વાર્ષિક BRICS સમિટમાં ભાગ લેવા માટેની પ્રસ્તાવિત યાત્રાના એક સપ્તાહ પહેલાં થઈ છે.

ચીન-રશિયા વચ્ચે...

પ્રવેશની આ સુવિધા 2027ના અંત સુધી લંબાવી હતી. જિનપિંગે કહ્યું કે બંને દેશોના નેતાઓના વ્યાપક માર્ગદર્શન અને સંયુક્ત પ્રયાસોથી ચીન-રશિયા સંબંધોનો પાયો વધુ મજબૂત બનશે અને બંને દેશો વચ્ચે સહયોગ સ્થિર રહેશે. ...

હોર્મુઝમાં ઇરાની...

...

ઇરાનના ખાર્ગ...

છે. આ ક્લિપ સાથે પોતાની ટ્રુથ સોશિયલ પોસ્ટમાં ટ્રમ્પે એક લીટીમાં લખ્યું: "ખાર્ગ આઇલેન્ડના ટુકડે-ટુકડા થઈ રહ્યા છે!!! પ્રમુખ ડીજેટી." જો કે, ઈરાનના આ ઊર્જા કેન્દ્ર પર ખરેખર કોઈ હુમલો થયો હોવાના કોઈ પુરાવા મળ્યા નથી, અને ઈરાની અધિકારીએ આ પોસ્ટને હાસ્યાસ્પદ ગણાવીને ફગાવી દીધી છે. સરકારી માલિકીની 'નેશનલ ઈરાનિયન ઓઈલ કંપની'ના ચીફ એક્ઝિક્યુટિવ હામીદ બોવાર્ડે સોમવારે જણાવ્યું હતું કે, "ટ્રમ્પની ટ્વીટ્સ હાસ્યાસ્પદ છે અને ખાર્ગમાં સ્થિતિ શાંત અને યોગ્ય છે." ઈરાનની ટોચની સુરક્ષા સંસ્થાની નજીક ગણાતા સેમી-ઓફિશિયલ આઉટલેટ 'નૂરન્યૂઝ' દ્વારા ટાંકવામાં આવેલા નિવેદનમાં તેમણે ઉમેર્યું કે, "ઓઇલનું કામકાજ અટક્યું નથી અને કામદારો અગાઉ થયેલા નુકસાનનું સમારકામ કરવામાં તેમજ સુવિધાઓને આધુનિક બનાવવામાં વ્યસ્ત છે." આ ઘટના ત્યારે સામે આવી છે જ્યારે અમેરિકી દળોએ રવિવારે એક મહિનાથી વધુ સમય પછી ઈરાન પર પ્રથમ પ્રહાર કરતા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' ખાતેના બે રોકેટ લોંચર પર ગોળીબાર કર્યો હતો. તેના જવાબમાં તેહરાને જોર્ડનમાં અમેરિકી દળો પર હુમલો કર્યો હતો.

દિલ્હી SIR:...

આંકડાઓમાંથી એક છે. ચૂંટણી અધિકારીના જણાવ્યા મુજબ, દેશની રાજધાની હોવાથી દિલ્હીમાં અસ્થાયી અને સતત સ્થળાંતર કરતી વસ્તી વધુ છે, જે આટલી મોટી સંખ્યામાં નામો રદ થવાનું મુખ્ય કારણ હોઈ શકે છે.

ડ્રાફ્ટ રોલમાં દિલ્હીની 70 વિધાનસભા બેઠકોના 97,53,577 નોંધાયેલા મતદારોના નામ છે, જ્યારે 47,56,722 મતદારો બાદ થયા છે.

47 લાખથી વધુ બાદ કરાયેલા મતદારોમાંથી 43.32 લાખથી વધુ લોકો સ્થળાંતરિત થયેલા કે ગેરહાજર મળ્યા હતા. આ ઉપરાંત 2.82 લાખથી વધુ મતદારો મૃત્યુ પામેલા અને 1.41 લાખથી વધુ લોકોના નામ એકથી વધુ જગ્યાએ નોંધાયેલા (Duplicate) મળ્યા હતા. પુરુષ મતદારો 40.25 ટકા ટકા ઘટીને 49.88 લાખ થયા, જ્યારે મહિલા મતદારો 33.59 ટકા ઘટીને 47.64 લાખ થઈ.

30 જૂનથી 17 ઓગસ્ટ દરમિયાન ઘરે-ઘરે જઈને હાથ ધરાયેલી ચકાસણી દરમિયાન જે મતદારોના ફોર્મ મળ્યા હતા અને ડિજિટાઈઝ થયા હતા, તેમના નામ યાદીમાં ઉમેરાયા છે. બિનહયાત, સરનામું બદલી ચૂકેલા, મૃત્યુ પામેલા કે ડુપ્લિકેટ (ASDDO) કેટેગરીમાં આવતા 33 ટકા મતદારોના ફોર્મ એકત્ર ન થઈ શકતાં તેમને યાદીમાંથી બહાર રખાયા છે. રોહિણી વિધાનસભા ક્ષેત્રમાં સૌથી વધુ 83.43 ટકા જ્યારે તુઘલકાબાદમાં સૌથી ઓછું 52.15 ટકા ડિજિટાઈઝેશન નોંધાયું હતું.

મોદી અને ઈરાનના...

આ ક્ષેત્રમાં કાયમી શાંતિ, સુરક્ષા અને સ્થિરતા જાળવવા માટે ભારતના પૂર્ણ સમર્થનની પુનરોચ્ચાર કરી હતી. મોદીએ નાગરિકો, દરિયાઈ જહાજો અને નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને જહાજોની અવર જવરની સ્વતંત્રતા જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. બેઠક દરમિયાન બંને દેશો વચ્ચેના સંબંધોને ગાઢ બનાવવા પર ચર્ચા થઈ હતી. વિદેશ મંત્રાલયના જણાવ્યા મુજબ, પીએમ મોદીએ કહ્યું કે કોઈ પણ સંજોગોમાં નાગરિકો, દરિયાઈ ખલાસીઓ અને કોમર્શિયલ શિપિંગ જેવા નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન પહોંચાડવું જોઈએ નહીં. આ ઉપરાંત, BRICS અને SCO જેવા વૈશ્વિક મંચો પર ઈરાન સાથે સહયોગ વધારવાની પ્રતિબદ્ધતા દર્શાવતાં વડા પ્રધાને પેઝેશ્કિયાનને આગામી બ્રિક્સ સમિટ માટે ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું. આ ઉપરાંત, વડા પ્રધાન મોદીએ આર્મેનિયાના વડા પ્રધાન નિકોલ પશિન્યાન સાથે પણ અલગથી બેઠક યોજી સંરક્ષણ, આઈટી, સ્પેસ, શિક્ષણ અને ફાર્માસ્યુટિકલ્સ જેવા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ મજબૂત કરવા પર ચર્ચા કરી હતી. વિદેશ સચિવ વિક્રમ મિસ્રીએ ઈરાનના રાષ્ટ્રપતિ સાથેની બેઠક અંગેની માહિતી આપતા કહ્યું કે પશ્ચિમ એશિયાના સંઘર્ષ વચ્ચે ભારત ખાસ કરીને જહાજો પરના હુમલા અને તેમાં ભારતીય ખલાસીઓનાં મોતને લઈને ચિંતિત છે. ભારતે આ અંગે પ્રદેશની અંદર અને બહારના તમામ સંબંધિત પક્ષો સમક્ષ પોતાનો વિરોધ અને ચિંતા નોંધાવી છે. ચાબહાર બંદર અંગે મિસ્રીએ કહ્યું કે ભારત લાંબા સમયથી આ પ્રોજેક્ટ સાથે જોડાયેલું છે, પરંતુ પશ્ચિમ એશિયાના સંઘર્ષની અસર આ પ્રાદેશિક સહયોગ પર પણ પડી છે. ભારત વિવિધ હિતધારકો સાથે સંપર્કમાં રહીને સહયોગ આગળ વધારવાનો ટકાઉ માર્ગ શોધી રહ્યું છે. ચાબહાર બંદર પર અમેરિકન પ્રતિબંધો લાગ્યા બાદ આ પ્રોજેક્ટ સાથે ભારતના સતત જોડાણ સામે અનિશ્ચિતતા ઊભી થઈ હતી.

દિલ્હી ડાયરી...

વસ્તુમાંથી કેવી રીતે રસ ગુમાવી દે છે તે સમજાવતી વખતે આ વિષય પર ફરી વાત કરી. તેમણે ડોનટ્સનું ઉદાહરણ આપતાં પૂછ્યું કે, માણસ કંટાળી જાય તે પહેલાં કેટલા ડોનટ્સ ખાઈ શકે? ભાગવતે કટાક્ષ સાથે ઉમેર્યું કે, ડાયાબિટીસ હોવાને કારણે તેઓ એક પણ ડોનટ ખાઈ શકતા નથી.

હેમાંગ જોશીએ બીજેવાયએમના રાષ્ટ્રીય પ્રમુખ તરીકેનો પદભાર સંભાળ્યો

ભારતીય જનતા પાર્ટી (બીજેપી)એ સોમવારે દેશની રાજધાની સ્થિત પોતાના મુખ્યાલય ખાતે વડોદરાના સાંસદ હેમાંગ જોશી માટે એક ભવ્ય સમારોહનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ જોશીએ પાર્ટીની યુવા પાંખ, ભારતીય જનતા યુવા મોરચા (બીજેવાયએમ)ના રાષ્ટ્રીય પ્રમુખ તરીકેનો પદભાર સંભાળવા સંદર્ભે યોજવામાં આવ્યો હતો. આ સમારોહ જોશીના ભાજપના યુવા સંગઠનના વડા તરીકેના કાર્યકાળની ઔપચારિક શરૂઆત દર્શાવે છે. આ કાર્યક્રમમાં દેશભરમાંથી એકત્ર થયેલા ભાજપના અનુભવી અને યુવા બંને નેતાઓએ હાજરી આપી હતી. પાર્ટીના આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કાર્યક્રમ સંગઠનાત્મક સાતત્ય તેમ જ રાષ્ટ્ર નિર્માણના પોતાના જાહેર કરેલા ધ્યેયમાં યુવાનોની ભાગીદારી મજબૂત કરવાની પાર્ટીની પ્રતિબદ્ધતાના પ્રતીક રૂપે આયોજિત કરવામાં આવ્યો હતો.

મંત્રી જુઅલ ઓરામનો પક્ષના જ સહયોગીઓ પર ષડયંત્રનો આરોપ

કેન્દ્રીય આદિવાસી બાબતોના મંત્રી જુઅલ ઓરામે તેમના જ પક્ષના કેટલાક નેતાઓ પર આરોપ લગાવ્યો છે કે, તેમની છબી ખરાબ કરવા અને નરેન્દ્ર મોદીના મંત્રીમંડળમાંથી તેમને હટાવવા માટે સતત ઝુંબેશ ચલાવી રહ્યા છે. આ તે નેતાઓ છે જેઓ તાજેતરમાં અન્ય પક્ષોમાંથી આવીને ભાજપમાં જોડાયા છે. આ બધું કેન્દ્રીય મંત્રીમંડળમાં અપેક્ષિત ફેરબદલની અફવાઓ વચ્ચે થઈ રહ્યું છે. ઓરામની આ ટિપ્પણી ત્યારે આવી છે જ્યારે તેમના એક રાજકીય સહયોગી રાકેશ પાસવાનની 26 ઓગસ્ટે બિહારમાં ધરપકડ કરવામાં આવી. તેમના પર આરોપ છે કે, ઓડિશાના રાઉરકેલા સ્થિત સરકારી સર્કિટ હાઉસમાં સશસ્ત્ર ગુનેગારોને આશરો આપવામાં આવ્યો હતો. ઓરામ મૂળ ઓડિશાના છે. પાસવાન છેલ્લા 11 દિવસથી ફરાર છે. જોકે, ઓરામે સ્પષ્ટ કર્યું છે કે કાયદો કાયદાનું કામ કરશે, છતાં સ્થાનિક મીડિયાનો એક વર્ગ તેમને આ કેસમાં ઢસડી રહ્યો છે. આવા અહેવાલોથી નારાજ થઈને ઓડિશાના સુંદરગઢના છ વખતના સાંસદે કહ્યું કે, કેટલાક લોકો તેમને બદનામ કરવાનું ષડયંત્ર રચી રહ્યા છે. ઓરામના જણાવ્યા અનુસાર, આ નેતાઓ એવી આશા રાખે છે કે, જો તેમને મંત્રીમંડળમાંથી પડતા મૂકવામાં આવે તો તેમને મંત્રીપદ મળી જાય. ઓરામે અગાઉ જાહેરાત કરી હતી કે, તેઓ ફરીથી ચૂંટણી નહીં લડે. જોકે, હવે તેઓ કહે છે કે પ્રવર્તમાન પરિસ્થિતિઓમાં તેમણે 2029ની લોકસભા ચૂંટણી ફરી લડવાનું નક્કી કર્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઓરામનો ઇશારો સ્પષ્ટપણે રાજ્યના નવસૂચિત રાજ્યસભા સાંસદ દિલીપ રે તરફ હતો, જેઓ પણ સુંદરગઢ જિલ્લાના રાઉરકેલાના જ વતની છે.

ભારત આ યુદ્ધનો...

લગાવ્યો હતો. પેઝેશ્કિયાને કહ્યું હતું કે વિશ્વ અને પ્રદેશમાં ભારતનું સ્થાન અને પ્રભાવ ખૂબ મહત્વપૂર્ણ છે. આથી, તેમણે વડા પ્રધાન મોદીને અપીલ કરી હતી કે ભારત પોતાના વૈશ્વિક અને વ્યાપક સંપર્કોનો ઉપયોગ કરીને સંબંધિત પક્ષોને યુદ્ધ અને રક્તપાતનો માર્ગ છોડી સંવાદ અને કરારના માર્ગે પાછા લાવવામાં મદદ કરે. ઈરાની રાષ્ટ્રપતિએ ભારપૂર્વક કહ્યું કે યુદ્ધ ચાલુ રહેવું એ કોઈના હિતમાં નથી અને ભારત આ યુદ્ધનો અંત લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

નેપાળનું પૂર મોટા પ્રમાણમાં બરફ-ખડકો ઝિંકાવાને કારણે સર્જાયું: નિષ્ણાતો

ભૂકંપની થિયરી પછી ગ્લેશિયલ તળાવ ફાટ્યું હોવાની થિયરી પણ ખોટી જણાઇ

કાઠમંડુ, 31 ઓગસ્ટ (PTI): નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, નેપાળમાં આવેલું વિનાશક પૂર ભૂકંપ કે ગ્લેશિયર લેક આઉટબર્સ્ટ ફ્લડ (GLOF - હિમશિખર તળાવ ફાટવાથી આવતું પૂર) ના કારણે નહીં, પરંતુ ઊંચા હિમાલયમાં બરફ અને ખડકો મોટી માત્રામાં નીચે ખાબકવાને કારણે આવ્યું હતું. 26 ઓગસ્ટે નેપાળ-તિબેટ સરહદ નજીક આવેલી આ આકસ્મિક આપત્તિ ભોટેકોશી નદીના વિસ્તારમાં ફરી વળી હતી, જેમાં ઘરો, રસ્તાઓ અને પુલો નાશ પામ્યા હતા તથા હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સને ભારે નુકસાન થયું હતું. નેશનલ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર, સોમવાર સુધીમાં આ હોનારતમાં મૃત્યુઆંક 900ને વટાવી ગયો હતો, જ્યારે 4000થી વધુ લોકો હજુ પણ ગુમ છે. 'નેપાળ સેન્ટર ફોર ડિઝાસ્ટર મેનેજમેન્ટ'ના પ્રમુખ બિશાલ નાથ ઉપ્રેતીએ જણાવ્યું હતું કે, શરૂઆતમાં આ હોનારત GLOF અથવા ભૂકંપને કારણે થઈ હોવાની જે શંકાઓ હતી તે પાછળથી ફગાવી દેવામાં આવી છે. ઉપ્રેતીએ PTI વીડિયોને જણાવ્યું, શરૂઆતમાં ઘણા લોકોએ વિચાર્યું કે આ હિમનદી તળાવ ફાટવાથી આવેલું પૂર (GLOF) હતું. પરંતુ પાછળથી સ્પષ્ટ થયું કે તિબેટની તે લાઇન પર એવું કોઈ તળાવ ફાટ્યું નહોતું, તેથી તે થીયરી રદ કરવામાં આવી હતી. ત્યારબાદ એવું માનવામાં આવતું હતું કે ભૂકંપના કારણે બરફ અને ખડકો નીચે પડ્યા હતા, પરંતુ યુએસ જીઓલોજિકલ સર્વેએ પાછળથી સ્પષ્ટ કર્યું કે આ ઘટના ક્રમ તેનાથી ઊલટો હતો. "ખીણમાં પથ્થર અને બરફનો મોટો જથ્થો ખાબકવાને કારણે ભૂકંપ આવ્યો હતો," ઉપ્રેતીએ ઉમેર્યું કે આ ભૂકંપ શરૂઆતમાં 4.2 ની તીવ્રતાનો નોંધાયો હતો અને પાછળથી તેને સુધારીને 5.2 ની તીવ્રતાનો દર્શાવવામાં આવ્યો હતો.

૫૨૦૦ મીટરની ઉંચાઇએથી બરફ અને ખડકનો વિશાળ જથ્થો ઝિંકાયો, લહેન્ડે નદીમાં પ્રવેશ્યો

'નેપાળ એન્વાયરમેન્ટ સોસાયટી' (NES) દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, રસુવાના લાંગટાંગ લિરુંગ વિસ્તારમાં લગભગ 5,200 મીટરની ઊંચાઈએથી બરફ, ખડક અને કાટમાળનો એક વિશાળ જથ્થો નીચે પડીને લહેન્ડે નદીમાં પ્રવેશ્યો હતો. આ કારણે કાટમાળથી ભરેલું એક શક્તિશાળી પૂર ઉત્પન્ન થયું હતું, જે ભોટેકોશી અને ત્રિશુલી નદીઓમાંથી પસાર થઈને નીચાણવાળા વિસ્તારો તરફ વહ્યું હતું.

નેપાળની પૂર હોનારતમાં મૃત્યુઆંક ૯૩૯ થયો

૪૦૦૦ જેટલા લાપતા કાદવ-કાટમાળમાંથી મૃતદેહો મળવાનો સિલસિલો ચાલુ, પર્યટકો સહિત દસ હજારથી વધુ લોકોને બચાવી શકાયા

તિબેટમાં મૃત્યુઆંક ૧૬, હજી ૫૫૦ જેટલા લાપતા

કાઠમંડુ, તા. 31(PTI): નેપાળમાં આવેલા વિનાશક અચાનક પૂરના કારણે મૃત્યુઆંક સોમવારે વધીને 939 થયો છે, જ્યારે મૃતદેહો મળવાનો સિલસિલો હજુ પણ ચાલુ છે. સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, લગભગ 4,000 લોકો હજુ પણ ગુમ છે. અવિરત વરસાદ, ઉભરાતી નદીઓ અને ક્ષતિગ્રસ્ત રસ્તાઓ તથા પુલો વચ્ચે શોધખોળ કરતી ટુકડીઓ હજુ પણ ફસાયેલા લોકો સુધી પહોંચવા માટે સંઘર્ષ કરી રહી છે. જ્યારે કે અત્યાર સુધીમાં 10,000થી વધુ લોકોને બચાવી લેવાયા છે. આ અચાનક ધસી આવેલા પૂરે 26 ઓગસ્ટે ઉત્તરીય અને મધ્ય નેપાળના શહેરો અને ગામડાઓમાં ભારે વિનાશ વેર્યો હતો. અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું કે નેપાળમાં હજુ પણ ગુમ થયેલા 3,925 લોકોમાંથી ઓછામાં ઓછા 39 દેશોના 150 વિદેશીઓ છે. લાપતા લોકોમાં 83 સુરક્ષા કર્મચારીઓ પણ સામેલ છે.

ચીની મીડિયા અહેવાલો અનુસાર, આ આપત્તિમાં ચીન તરફ પણ 16 લોકોના મોત થયા છે, જ્યારે તિબેટમાં લગભગ 550 લોકો હજુ પણ ગુમ છે.

ર૭૫થી વધુ ભારતીયો હજી લાપતા: ૧૪૯ને બચાવી લેવાયા

નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલયે શનિવારે જણાવ્યું હતું કે નેપાળમાં 275થી વધુ ભારતીયો અને ભારતીય મૂળના 128 લોકો ગુમ અથવા સંપર્ક વગરના રહ્યા છે. રવિવારે, વિદેશ મંત્રાલયે તેના X હેન્ડલ પર 149 લોકોની યાદી શેર કરી હતી જેમને બચાવી લેવાયા હતા.

માત્ર થોડા ડઝન મૃતદેહોની જ ઓળખ થઇ શકી છે

સોમવાર સુધીમાં મળી આવેલા સેંકડો મૃતદેહોમાંથી માત્ર થોડા જ ડઝન મૃતદેહોની ઓળખ થઈ શકી હતી. સત્તાવાળાઓનું કહેવું છે કે પૂરના પાણીમાં લાંબા સમય સુધી રહ્યા પછી ઘણા મૃતદેહો ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત, વિકૃત અથવા ઓળખવા મુશ્કેલ બની ગયા છે.